## <u>બાનાખત</u>

**એકતરફવાળા**
**————————:–**
**વેચાણ આપનાર**

''શ્રીમદ્ કન્સ્ટ્રકશન'' એ નામની ભાગીદારી પેઢી, જેનુ ઠેકાણું–૫૦૧, વૃંદાવન એન્કલેવ, એ. ઈ. સી. ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩ છે, જેનો PAN: ADYFS2292M છે, તેના વતી અને તરફથી તેના ભાગીદારોના વતી અને તરફથી તેમના કુલમુખત્યાર તરીકે,
શ્રી પ્રશાંત જયંતિલાલ શાહ,
ઉંમર આશરે વર્ષ–૫૮, ધંધો–ખેતી તથા વહેપાર,
રહેવાસી–૨/બી, ઉર્મિકુંજ સોસાયટી, સેન્ટ ઝેવિયર્સ કોલેજ સામે, નવરંગપુરા, અમદાવાદ.

જેમને હવે પછી આ બાનાખતમાં ''અમો'', ''એકતરફવાળા'' અગર ''વેચાણ આપનાર'', એ રીતે સંબોધવામાં આવેલા છે, જેના અર્થમાં સદરહુ ''વેચાણ આપનાર'' ભાગીદારી પેઢી તથા તેના હાલના અને વખતો વખતના ભાગીદારો, વહીવટકર્તાઓ, એજન્ટો, ટ્રાન્સફરીઓ, સકસેસરો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

**બીજીતરફવાળા**
**————— :–**
**વેચાણ રાખનાર**

(૧) શ્રી ................................,
ઉંમર આશરે વર્ષ–..., ધંધો–..........,
(PAN: .....................),
(૨) શ્રીમતી
ઉંમર આશરે વર્ષ–..., ધંધો–..........,
(PAN: .....................),
બંને રહેવાસી–................................
............................................

જેમને હવે પછી આ બાનાખતમા ''તમો'', ''બીજીતરફવાળા'' અગર ''વેચાણ રાખનાર'' એ રીતે સંબોધવામા આવેલા છે, જેના અર્થમા સદરહુ ''વેચાણ રાખનાર'' તથા તેમના વંશવાલી વારસો, સકસેસરો, એસાઈનીઓ, એજન્ટો, ટ્રાન્સફરીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

**<u>જત</u>**

**(એ)** રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ–ડીસ્ટ્રીકટ અમદાવાદ–૮(સોલા) ના તાલુકા સાબરમતીના ગામ મોજે ચાંદલોડીયાના સર્વે નંબર–૧૩૮/૧/૨ ની

૨૩૭૭ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર–૪૫ (ચાંદલોડીયા–ગોતા) માં ફાઈનલ પ્લોટ નંબર–૨૫/૨ ની ૧૪૦૩ ચોરસમીટર જમીન ફાળવાયેલી છે, તે સર્વે નંબરની તથા ફાઈનલ પ્લોટની બીનખેતી થયેલી જમીન અમો એકતરફવાળાની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલીકી અને કબજા ભોગવટાની બોજારહીત જમીન છે. ઉપર વર્ણવેલી જમીનને હવે પછી આ બાનાખતમાં ''પ્રોજેકટ જમીન'' એ રીતે સંબોધવામાં આવેલી છે. અનેતેનુ પુરેપુરૂ વર્ણન **''પરિશિષ્ટ–૧''** માં કરવામાં આવેલુ છે.

**(બી)** સદરહુ પ્રોજેકટ જમીન (૧) શ્રી નિમેષ ચીનુભાઈ પટેલ, (૨) સંગીતા ચીનુભાઈ પટેલ, (૩) ભાનુબેન તે સુમતીલાલ ઉર્ફે સુમનભાઈ શકરાભાઈ પટેલના વિધવા પત્ની, (૪) ચેતનાબેન તે સુમતીલાલ ઉર્ફે સુમનભાઈ શકરાભાઈ પટેલના દીકરી તે પરેશકુમાર પટેલના પત્ની, (૫) અનિલાબેન તે સુમતીલાલ ઉર્ફે સુમનભાઈ શકરાભાઈ પટેલના દીકરી તે નીકુલ દેસાઈના પત્ની, (૬) નૈમિષાબેન તે સુમતીલાલ ઉર્ફે સુમનભાઈ શકરાભાઈ પટેલના દીકરી તે મીતેષના પત્ની, (૭) દિપમાલા તે પ્રદિપભાઈ સુમતીલાલ ઉર્ફે સુમનભાઈ પટેલના વિધવા પત્ની, તથા (૮) સગીર સૌમ્ય પ્રદિપભાઈ પટેલ, નંબર–૭ પોતે જાતે તથા નંબર–૮ સગીરના વતી અને તરફથી તેના કુદરતી વાલી તેની માતા તરીકે, સર્વે પોતે જાતે તથા પોતપોતાના (જયાં લાગુ પડતુ હોય ત્યાં) હિન્દુ અવિભકત કુટુંબના કર્તા અને મેનેજર તરીકેનાએ તારીખ ૧૬–૧૧–૨૦૧૯ ના રોજના રજીસ્ટર્ડ દસ્તાવેજથી અમો એકતરફવાળા ''શ્રીમદ્ કન્સ્ટ્રકશન'' એ નામની ભાગીદારી પેઢીને વેચાણ આપેલી છે, જે વેચાણ દસ્તાવેજો અમદાવાદ–૮ (સોલા) ના સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં તારીખ ૧૬–૧૧–૨૦૧૯ ના રોજ અનુક્રમ નંબર–૨૦૪૩૦ ઉપર નોંધાવવામાં આવેલો છે. તે અંગે રેવન્યુ રેકર્ડમાં તારીખ ................ ના રોજ એન્ટ્રી નંબર–........ પાડવામાં આવેલી છે. આમ ત્યારથી સદરહુ પ્રોજેકટ જમીન અમો એકતરફવાળા ''શ્રીમદ્ કન્સ્ટ્રકશન'' એ નામની ભાગીદારી પેઢીની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલીકી અને કબજા ભોગવટામાં આવેલી બોજારહીત જમીન છે.

**(સી)** સદરહુ સર્વે નંબર–૧૩૮/૧/૨ ની ૨૩૭૭ ચોરસમીટર પૈકીની ૧૪૦૩ ચોરસમીટર જમીનમાં બહુહેતુક ઉપયોગ માટે બીનખેતીના વપરાશની મંજુરી (એન.એ. પરમીશન) કલેકટરશ્રી, અમદાવાદનાએ તેમના તારીખ ૨૭–૦૮–૨૦૧૯ ના રોજના હુકમ નંબર–૯૪૦/૦૭/૧૮/ ૦૨૯/ ૨૦૧૯ થી આપેલી છે, જે હાલ ચાલુ અને અમલમાં છે અને તે રદ્દ થઈ નથી. આ બીનખેતીની મંજુરી અંગે સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડમાં તારીખ ૨૭–૦૮–૨૦૧૯ ના રોજ એન્ટ્રી નંબર–૫૮૩૪ પાડવામાં આવેલી છે.

**(ડી)** અમો એકતરફવાળાએ ફાઈનલ પ્લોટ નંબર–૨૫/૨ (સર્વે નંબર–૧૩૮/૧/૨) ની જમીનમાં રહેણાંકના હેતુ સારૂનું બાંધકામ કરવાના પ્લાન અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, અમદાવાદ દવારા તારીખ ૨૩–૧૦–૨૦૧૯ ના રોજના કેસ નંબર–BHNTS/NWZ/240619/CGDCRV/A2514/R0/M1, રજાચીઠ્ઠી નંબર–02533/240619/A2514/R0/M1 થી પ્લાન પાસ કરેલા છે.

**(ઈ)** સદરહુ પ્રોજેકટ જમીન એકતરફવાળાએ પાસ થયેલા પ્લાન

અનુસાર ડેવલપ કરવાની છે અને તેમા ''NIRMAN HEIGHTS" ના નામની સ્કીમનુ બાંધકામ કરવાનુ છે (જેને હવે પછી આ લેખમાં ''સદરહુ પ્રોજેકટ'' એ રીતે સંબોધવામાં આવેલ છે). સદરહુ પ્રોજેકટમાં ''NIRMAN HEIGHTS" સ્કીમમાં ફર્સ્ટ સેલરમાં પાર્કીગ, ગ્રાઉન્ડ ફલોરે પાર્કીગ અને સોસાયટી ઓફીસ, ફર્સ્ટ ફલોરે ફલેટ ૪ યુનીટ, સેકન્ડ ફલોરે ફલેટ ૪ યુનીટ, થર્ડ ફલોરે ફલેટ ૪ યુનીટ, ફોર્થ ફલોરે ફલેટ ૪ યુનીટ, ફીફથ ફલોરે ફલેટ ૪ યુનીટ, સીકસ્થ ફલોરે ફલેટ ૪ યુનીટ, સેવન્થ ફલોરે ફલેટ ૪ યુનીટ, એઈટથ ફલોરે ફલેટ ૪ યુનીટ, નાઈન્થ ફલોરે ફલેટ ૪ યુનીટ, તથા ટેન્થ ફલોરે ફલેટ ૪ યુનીટ, મળી કુલ ૪૦ યુનીટ તથા ઉપર સ્ટેર કેબીન, ઓવર હેડ વોટર ટેન્કનુ બાંધકામ કરવાનુ છે./રહેશે. તેવુ બાંધકામ કરવા સારૂના હુકમની નકલ અમોએ તમોને આપેલી છે.

**(એફ)** સદરહુ ''NIRMAN HEIGHTS" સ્કીમની નોંધણી અમો એકતરફવાળાએ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ (જેને હવે પછી આ લેખમાં સદરહુ ''એકટ'' તરીકે વર્ણવેલ છે) અને ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) (જનરલ) રૂલ્સ, ૨૦૧૭ (જેને હવે પછી આ લેખમાં સદરહુ ''રૂલ્સ'' તરીકે વર્ણવેલ છે) મુજબ કરાવેલી છે. અને તે અંગેનુ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ રીયલ એસ્ટેટ રેગ્યુલેશન અધિકારી, ગાંધીનગર (જેને હવે પછી આ લેખમાં સદરહુ ''ઓથોરીટી'' તરીકે વર્ણવેલ છે) નાએ તારીખ .................. ના રોજના નોંધણી નંબર–............................ ............................ થી આપેલુ છે. જેની નકલ આ સાથે **''એનેક્ષચર–એ''** થી જોડેલી છે. વધુમાં ''NIRMAN HEIGHTS" સ્કીમમા બાંધકામમાં અમો એકતરફવાળાએ ભવિષ્યમાં ફેરફાર કરવાના અને તે ફેરફારની નોંધણી પણ અમો એકતરફવાળા જરૂરી ફી ભરીને રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ નીચે કરાવવાની છે અને રહેશે.

**(જી)** આમ તે રીતે પ્રોજેકટ જમીન ઉપર અમો એકતરફવાળાએ ''NIRMAN HEIGHTS" સ્કીમનુ બાંધકામ શરૂ કરેલુ છે. આમ તે જમીનમાં બંધાઈ રહેલી ''NIRMAN HEIGHTS" સ્કીમમા ....... બ્લોકમાં ........ ફલોરે બંધાનારા ફલેટ નંબર–.... ની આશરે ........ ચોરસમીટર (કારપેટ એરીયા) ના ક્ષેત્રફળની બાંધકામવાળી મિલ્કત વેચાણ આપવાનુ આ બાનાખત અમો તમોને કરી આપીએ છીએ. ઉપર વર્ણવેલી ફલેટની મિલ્કતે હવે પછી આ બાનાખતમાં ''સદરહુ મિલ્કત'' એ રીતે સંબોધવામાં આવેલી છે. અને તેનુ પુરેપુરૂ વર્ણન **''પરિશિષ્ટ–૨''** માં કરવામાં આવેલુ છે. સદરહુ ફલેટની મિલ્કતનો કારપેટ એરીયા (રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ મુજબ) તથા તેને જોડાયેલી બીજીતરફવાળાના સ્વતંત્ર વપરાશી હકકોની વિગત નીચે મુજબ છે.

| મિલ્કત | કારપેટ એરીયા (ચોરસમીટરમા) (રેરા મુજબ) | બાલ્કની એરીયા (ચોરસમીટરમા) | સ્કીમની કુલ જમીન પૈકી વગર વહેંચાયેલી જમીન (ચોરસમીટરમા) |
|---|---|---|---|
| ફલેટ નં........ | | | |

**(એચ)** આ બાનાખતની નોંધણી કરતા પહેલા અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને બાંધકામના પાસ થયેલા પ્લાનો, બીનખેતીની મંજુરી, જુના વેચાણ દસ્તાવેજોની નકલ, ટાઈટલ કલીયર સર્ટીફીકેટ વિગેરેની નકલો આપી દીધી છે અને તેની તમોએ જાતે તથા કાયદાના તમારા નિષ્ણાંત સલાહકાર પાસે અમારા માલીકી હકકની કાયદેસરતા તપાસાવેલી છે અને તમોને તે તમામથી સંતોષ છે. અને સદરહુ ''NIRMAN HEIGHTS'' પ્રોજેકટના બાંધકામ તથા તે અંગે મેળવેલી તમામ મંજુરીઓ વિગેરે સામે તથા અમો એકતરફવાળા સામે તમો બીજીતરફવાળાને કોઈ વાંધો કે તકરાર નથી અને તેમા તમારી સંમતી છે.

**(આઈ)** સદરહુ **પરિશિષ્ટ–ર** માં વર્ણવેલી મિલ્કત ખરીદવા સારૂ તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાનો સંપર્ક કરેલો અને વાટાઘાટો બાદ સદરહ ફલેટની મિલ્કત અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને હવે પછી વેચાણ કરવાનુ નકકી કરેલું છે, જે અંગે આપણે પક્ષાકારો આ બાનાખત કરીએ છીએ, અને આપણી વચ્ચેની શરતો અને સમજુતીઓની નીચે નોંધ કરીએ છીએ.

## <u>શરતો અને સમજુતીઓ</u>

**(૧) <u>બાનાખતની શરતો–સમજુતીઓનુ વિગતવાર વર્ણન</u> :–**

આ બાનાખત અંગે વેચાણ આપનાર તથા વેચાણ રાખનાર વચ્ચે નકકી થયેલી શરતો અને સમજુતીઓનુ વર્ણન નીચે મુજબ છે અને તે બંને પક્ષકારોએ વાંચેલુ અને સમજેલુ છે. અને તેમા તેઓ સંમતી આપે છે.

**(૨) <u>યુનીટના વેચાણ અવેજની વિગત</u> :–**

**(૨.૧)** ''NIRMAN HEIGHTS'' સ્કીમમા ....... બ્લોકમાં ............. ફલોરે બંધાનારા ફલેટ નંબર–....... ની આશરે ........ ચોરસમીટર (કારપેટ એરીયા) ના ક્ષેત્રફળની બાંધકામવાળી મિલ્કત (જેને હવે પછી આ લેખમાં ''સદરહુ મિલ્કત'' એ રીતે સંબોધવામાં આવેલી છે) વેચાણ આપનાર પાસેથી વેચાણ લેવાનુ વેચાણ રાખનારે નકકી કરેલુ છે. આ ''NIRMAN HEIGHTS'' સ્કીમનુ બાંધકામ સદરહુ પ્રોજેકટ જમીન ઉપર કરવામાં આવેલુ છે. આ ફલેટને આ સાથેના ફલોર પ્લાનમાં લાલ રંગની હદથી **''એનેક્ષ્ચર–બી''** થી બતાવેલ છે.

**(૨.૨)** આપણે પક્ષકારોએ સદરહુ પરિશિષ્ટ–ર માં વર્ણવેલી મિલ્કતની કિંમત કુલ રૂા................/– અંકે રૂપિયા ..................... .... ...................... પુરા નકકી કરેલી છે. તથા વેચાણ રાખનારે તે કિંમતે અમારી પાસેથી તે સદરહુ મિલ્કત વેચાણ લેવાનુ નકકી કરેલુ છે. જે વેચાણ કિંમત બંને પક્ષકારોને કબુલ, મંજુર છે. આ કિંમતમાં ફલેટની કારપેટ એરીયાની મિલ્કત તથા સ્કીમની કોમન એરીયા તથા સવલતોમાના વગર વહેંચાયેલા વરાડે પડતા વપરાશી હકકોની કિમતનો સમાવેશ થઈ જાય છે. સદરહુ સ્કીમની કોમન એરીયા તથા સવલતોનુ વર્ણન **''પરિશિષ્ટ–૩''** માં કરવામાં આવેલુ છે.

**(૨.૩)** આ બાનાખતના બાનામા તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાને રૂા............./– અંકે રૂપિયા .............................. .............. પુરા નીચેની વિગતે ચુકવેલી છે.

| ક્રમ | બેંકનુ નામ તથા શાખા | ચેકની તારીખ | ચેકનો નંબર | રકમ(રૂપીયા) |
|---|---|---|---|---|
| (૧) | | | | |
| (૨) | | | | |
| (૩) | | | | |
| | | કુલ | | રૂા............../– |

એ રીતે કુલ રૂા............./– અંકે રૂપિયા .................. ................. પુરા તમોએ અમોને ઉપરોકત વિગતે ચુકવેલા છે, જે અમો એકતરફવાળાને મળેલ છે અને તેની પહોંચ અમો કબુલ કરીએ છીએ. આ ચુકવેલી રકમ વેચાણ દસ્તાવેજ સમયે કુલ વેચાણ કિંમતમાં મજરે આપવાની છે.

**(૨.૪)** તમો બીજીતરફવાળાએ આ બાનાખતની નોંધણી થાય તે પહેલા સદરહુ મિલ્કતની કુલ વેચાણ કિંમતના ૧૦% રકમ અમો એકતરફવાળાને ચુકવી આપવાની છે. અને સદરહુ મિલ્કતની બાકીની વેચાણ કિંમત તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાને નીચેની વિગતે ચુકવવાની છે. આ રકમની નિયમીત ચુકવણી આ બાનાખતની મહત્વની અને મુખ્ય શરત છે અને તે એસેન્સ ઓફ કોન્ટ્રાકટ છે.

| ક્રમ | વિગત | ટકા |
|---|---|---|
| ૧ | બાનાખતની નોંધણી થયા બાદ મુળ કિંમતના | ૩૦% |
| ૨ | પ્લીન્થ લેવલ વખતે | ૪૫% |
| ૩ | બીલ્ડીંગ/વીંગના પોડીયમ અને સ્ટીલ્ટસ સ્લેબ લેવલ વખતે | ૭૦% |
| ૪ | દિવાલ, ઈન્ટરનલ પ્લાસ્ટર, ફલોરીંગ, દરવાજા અને બારીનુ કામ પુર્ણ થયેથી | ૭૫% |
| ૫ | સેનીટરી ફીટીંગ્સ, સ્ટેરકેસીસ, લીફટ વેલ્સ, લોબીંસનુ કામ પુર્ણ થયેથી | ૮૦% |
| ૬ | એકસટરનલ પ્લબીંગ તથા પ્લાસ્ટર, એલીવેસજ, વોટરપ્રુફીંગ ટેરેસીસનુ કામપુર્ણ થયેથી | ૮૫% |
| ૭ | લીફટસ, વોટર પમ્સ, ઈલેકટ્રીકલ ફીટીંગ્સ, ઈલેકટ્રો, મેકેનીકલ અને એન્વાયરમેન્ટ રીકવારમેન્ટસ, એન્ટરન્સ લોબીસ, પ્લીન્થ પ્રોટેકશન અને બાનાખતમાં જણાવેલીઅન્ય જરૂરીયાતો પુર્ણ થયેથી | ૯૫% |
| ૮ | પઝેશન વખતે | બેલેન્સ એમાઉન્ટ |

**(૨.૫)** વેચાણ રાખનાર આથી કબુલ કરે છે કે હવે પછી ભવિષ્યમાં સરકાર દવારા વખતોવખતો જે કોઈ નવા ચાર્જ, વેરા, ટેક્ષ, ખર્ચ તથા અન્ય કોઈ પણ કરવેરા કે રકમો વિગેરે ગમે તે હેડ નીચે આ સોદો પુરો થાય ત્યા સુધી ઉઘરાવવામાં આવે કે લેવામાં આવે તે તમામ વેચાણ રાખનારે ભરવાના છે. તેમજ ગુજરાત વીજ કંપની લીમીટેડના ઈલેકટ્રીક ચાર્જીસ, જોડાણ, ડીપોઝીટ,

એએમસી/અઉડા ની થતી તમામ રકમ વિગેરેની થતી રકમ તથા સદરહુ મિલ્કત અંગેના તમામ ટેક્ષ જેવા કે સ્ટેમ્પડયુટી, રજીસ્ટ્રેશન ફી, GST તથા અન્ય તમામ ટેક્ષ વિગેરે તમામ વેચાણ આપનાર દવારા માંગણી થયેથી દિન–૭ (સાત) માં વેચાણ રાખનારે ભરવાના છે અને રહેશે.

**(૨.૬)** સદરહુ મિલ્કતની વેચાણ કિંમત આપણે પક્ષકારોએ નકકી કરેલી છે. પરંતુ ભવિષ્યમાં જો લોકલ બોડી/સરકાર દવારા વખતોવખત ડેવલપમેન્ટ ચાર્જીસમાં વધારો કરવામાં આવે કે વેચાણ રાખનાર દવારા એડીશનલ ફીક્ષ્ચરર્સ/ફેસેલીટીમાં (વેચાણ આપનાર આપેલા સ્ટાન્ડર્ડ ફીક્ષ્ચર્સ/ફેસેલીટીમાં શિવાય) ફેરફાર કરાવવામાં આવે અને તે સમયે એકતરફવાળા દવારા વધારાની કોઈ રકમ માંગવામાં આવે, ત્યારે તેવી રકમ, ચાર્જ, ખર્ચ વિગેરે એકતરફવાળાને/લોકલ બોડી/સરકારને ચુકવવા બીજીતરફવાળા વેચાણ રાખનાર બંધાયેલા છે અને રહેશે. સરકારના તેવા નોટીફીકેશન/ઓર્ડર/રેગ્લુલેશન જાહેર કે ઈસ્યુ થયેથી એકતરફવાળાએ તેની જાણ બીજીતરફવાળાને કરવાની છે.

**(૨.૭)** સદરહુ મિલ્કતની બાકીની વેચાણ કિંમત બીજીતરફવાળાએ એકતરફવાળાને ઉપર જણાવેલા હપ્તાઓમાં સમયસર ચુકવી આપવાની છે અને રહેશે. પરંતુ જો કોઈ કારણસર હપ્તાની રકમ ચુકવવામાં વિલંબ થાય તો તેવી હપ્તાની રકમ એકતરફવાળા દવારા બીજીતરફવાળાને ઈન્ટીમેશન/નોટીસ આપ્યેથી દિન–૭ (સાત) માં ચુકવી આપવાની છે અને રહેશે.

**(૨.૮)** બીજીતરફવાળા આથી સંમતી આપે છે કે બીજીતરફવાળાએ એકતરફવાળાને આ બાનાખતના કરાર અન્વયે ચુકવવાની થતી રકમ તેઓ નકકી થયેલી તારીખે નિયમીતપણે ચુકવી આપશે. તે આ બાનાખતની મહત્વની અને મુખ્ય શરત છે અને તે એસેન્સ ઓફ કોન્ટ્રાકટ છે. અને તે ચુકવવામાં જો બીજીતરફવાળા કસુર કરશે તો એકતરફવાળા નીચે મુજબ પગલા ભરશે.

**(૨.૯)** આ બાનાખતના કરાર અન્વયે બીજીતરફવાળા દવારા ચુકવાયેલી કોઈપણ રકમ એકતરફવાળા કોઈપણ હેડ નીચે લઈને એડજસ્ટ કરી શકશે. તે સામે બીજીતરફવાળા કોઈ વાંધો કે તકરાર કરી શકશે નહી.

**(૨.૧૦)** સદરહુ મિલ્કતનો મેઈન્ટેનન્સ ચાર્જીસ/અન્ય ટેક્ષ, વેરા, ખર્ચ વીગેરે ચુકવવામાં જો બીજીતરફવાળા કસુર કરશે તો એકતરફવાળા તેવા મેઈન્ટેનન્સ ચાર્જીસ/અન્ય ટેક્ષ, વેરા, ખર્ચ વીગેરેની રકમ બીજીતરફવાળાએ ચુકવેલી રકમમાંથી ઉપર જણાવ્યા મુજબ એડજસ્ટ કરી શકશે. તેવી મેઈન્ટેનન્સ ચાર્જીસ/અન્ય ટેક્ષ, વેરા, ખર્ચ વીગેરે રકમ વસુલ કરવા સારૂ એકતરફવાળા બીજીતફરવાળા સામે કાયદા નીચે પગલા ભરી શકશે.

**(૨.૧૧)** સદરહુ મિલ્કતના કારપેટ એરીયામાં +/– ૩% સુધી જો કોઈ ફેરફાર હશે તો તેમા બીજીતરફવાળાએ કોઈ વાંધો કે તકરાર લેવાની નથી અને તેમા બીજીતરફવાળાની સંમતી છે. પરંતુ કારપેટ એરીયા ૩% થી ઓછો હશે, તો

બીજીતરફવાળા ચુકવેલી રકમની તારીખથી વધારાની રકમ ઉપર વાર્ષિક ૯% વ્યાજ સહીત એકતરફવાળાએ બીજીતરફવાળાને પરત ચુકવવાની છે અને રહેશે. પરંતુ કારપેટ એરીયા ૩% થી વધુ હોય તો તેવા વધારાના ક્ષેત્રફળની રકમ બીજીતરફવાળાએ એકતરફવાળાને ચુકવવાની છે અને રહેશે.

**(૩)** **<u>વેચાણ રાખનારે ચુકવવાના અન્ય ખર્ચા :–</u>**

**(૩.૧)** સદરહુ જમીનમાં બંધાઈ રહેલા સ્કીમના કોમન એરીયા તથા ફેસેલીટી વિગેરેની વ્યવસ્થા સારૂ એકતફરવાળા દવારા કંપની, સોસાયટી કે એસોસીએશન કે તેવી રજીસ્ટર્ડ કે અનરજીસ્ટર્ડ સંસ્થાની રચના કરવામાં આવનાર છે (જેના હવે પછી આ લેખમાં ''મેનેજમેન્ટ બોડી'' એ રીતે સંબોધવામાં આવેલી છે). જેના બીજીતરફવાળાએ ફરજીયાતપણે સભ્ય થવાનુ છે. તેવી સંસ્થા ધ્વારા સ્કીમમાંના પ્રિમાઈસીસના વપરાશ અંગે, ટ્રાન્સફર અંગે, કોમન સવલતતા અંગે જે કાંઈ નીતિ નિયમો ઘડવામાં આવે તેનુ તથા તેના બાયલોઝનુ તમો બીજીતરફવાળાએ ફરજીયાતપણે પાલન કરવાનુ રહેશે. તેવી સંસ્થાની નોંધણી માટે તમો બીજીતરફવાળાએ જયાં–જયાં જરૂર પડે ત્યાં–ત્યાં તમારી સહીઓ–સંમતીઓ આપવાની છે. તેવી સંસ્થા દવારા વખતોવખત જે કોઈ મેઈન્ટેનન્સ ફી કે અન્ય રકમ નકકી કરવામાં આવે તે રકમ તમોએ સંસ્થામાં જમા કરાવવાની રહેશે,

**(૩.૨)**બીજીતરફવાળાએ સદરહુ મિલ્કતની વેચાણ કિંમત ઉપરાંતમાં નીચે જણાવ્યા મુજબના અન્ય ચાર્જીસ/ડીપોઝીટની રકમ આપવાની છે અને રહેશે.

<u>સામે લખેલો કોઠો ખાસ ચેક કરવો. ખાલી ખાના ભરવા ફીગર ચેક કરવી.</u>

| ક્રમ | રકમ(રૂપીયા) | ઉદેશ |
|---|---|---|
| (૧) | રૂા.૨૫૦/– | મેનેજમેન્ટ બોડી પાસેથી જરૂરી શેર ખરીદવા સારૂ. |
| (૨) | રૂા.૧,૨૫,૦૦૦/– | મેન્ટેનેન્સ ડીપોઝીટ પેટે.<br>(સુપર બીલ્ટઅપ એરીયાના પ્રત્યેક ચોરસફુટના રૂા.૧૦૦/– લેખે ગણતા) |
| (૩) | રૂા.૫૦,૦૦૦/– | ૨૪ મહીનાની એડવાન્સ રકમ ચાલુ મહીનાના મેન્ટેનેન્સની રકમ.<br>(સુપર બીલ્ટઅપ એરીયાના પ્રત્યેક ચોરસફુટના રૂા......./– લેખે) |
| કુલ | રૂા.૧,૭૫,૨૫૦/– | |

**(૩.૩)** સદરહુ ''NIRMAN HEIGHTS'' સ્કીમ માટે મેનેજમેન્ટ બોડીની રચના એકતરફવાળા દવારા કરવામાં આવશે. સદરહુ સ્કીમનો વહીવટ મેનેજમેન્ટ બોડીને/સોસાયટીને સોંપીએ ત્યા સુધી સદરહુ સ્કીમનુ મેઈન્ટેનન્સ અને વહીવટ અમો એકતરફવાળાએ કરવાનો છે અને રહેશે. તે દરમ્યાન મેઈન્ટેનન્સનો જે ખર્ચો થશે તે ડેવલપર મેનેજમેન્ટ બોડી/સોસાયટીમાંથી ઉપાડી શકશે. ત્યારબાદ સ્કીમનો વહીવટ અમો એકતરફવાળાએ મેનેજમેન્ટ બોડીને

સોંપવાનો અને રહેશે અને ત્યારે સ્કીમના વહીવટ અંગેની કે મેઈન્ટેનન્સ અંગેની તમામ જવાબદારી મેનેજમેન્ટ બોડની રહેશે અને એકતરફવાળાની રહેશે નહી.

**(૩.૪)** સદરહુ મિલ્કતના વેચાણ દસ્તાવેજ આગાઉ આ શરત–૩ માં જણાવેલી તથા ઉપર જણાવેલી તમામ રકમ તથા અન્ય તમામ ચાર્જીસ એકતરફવાળા દવારા જાણ થયેથી/નોટીસ આપ્યેથી દિન–૭(સાત)માં બીજીતરફવાળાએ એકતરફવાળાને ચુકવી આપવાની છે અને રહેશે.

**(૪) <u>કબજો અને વેચાણ દસ્તાવેજ :–</u>**

**(૪.૧)** સદરહુ પ્રોજેકટ પુર્ણ થયેથી તારીખ ૩૧–૧૨–૨૦૨૩ ના રોજ સુધીમાં અગર તે પહેલા સદરહુ મિલ્કતનો કબજો અમોએ તમોને સોંપી દેવાનો છે અને રહેશે.

**(૪.૨)** જો એકતરફવાળાના કાબુ બહારના સંજોગોને કારણે (જેવા કે નાણાંકીય મંદી, બાંધકામમા વપરાતા માલની અછત, બાંધકામ કરનારા, કારીગરો અને મજુરોની અછત, હુલ્લડ, તોફાન, લડાઈ, હડતાલ, દૈવકૃત્ય, ભુકંપ, કુદરતી આપત્તિ જેવા સંજોગોમાં, અતિશય વરસાદ, સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓ દવારા કરાયેલા હુકમો, રાજય સરકારે કે કેન્દ્ર સરકાર દવારા બહાર પાડવામાં આવેલા નવા કાયદાનો અમલ અથવા જુના કાયદામાં સુધારા–વધારા, સીવીલ કોર્ટ કે રેવન્યુ કોર્ટ દવારા હુકમ કરવામાં આવેલા હોય વિગેરે) સ્કીમનુ બાંધકામ સમયસર પુરૂ થઈ શકેલુ ના હોય અને એકતરફવાળા સમયસર કબજો સોંપી શકે નહી તો તે સંજોગોમાં બીજીતરફવાળા એકતરફવાળા પાસેથી તેમના રોકાણનુ કોઈ વ્યાજ તેમજ નુકશાની માંગવા કે મેળવવા હકકદાર નથી અને તેવો હકક તેઓ આથી જતો (વેઈવ) કરે છે.

**(૪.૩)** સદરહુ પ્રોજેકટ પુર્ણ થયેથી એકતરફવાળાએ બીજીતરફવાળાને લેખીત તથા મૌખીક નોટીસ આપીને તેની જાણ કરવાની છે. બીજીતરફવાળાને તેની જાણ થયેથી/નોટીસ મળ્યેથી દિન–૭(સાત)માં બીજીતરફવાળાએ એકતરફવાળાને માગ્યા મુજબની તમામ રકમ, ચાર્જીસ વિગેરે ચુકવી આપવાની છે અને રહેશે. તેવી તમામ રકમ, ચાર્જીસ ચુકવાયેથી સદરહુ મિલ્કતનો કબજો વેચાણ દસ્તાવેજ સમયે એકતરફવાળાએ બીજીતરફવાળાને સોંપવાનો છે અને રહેશે.

**(૪.૪)** સદરહુ યુનીટ વપરાશ કરવા માટે તૈયાર થઈ ગયેલ છે તેની જાણ એકતરફવાળા દવારા બીજીતરફવાળાને કરોયેથી/થયેથી દિન–૧૫ (પંદર)માં એકતરફવાળાના એડવોકટ દવારા તૈયાર કરવામાં આવેલો સદરહુ મિલ્કતનો વેચાણ દસ્તાવેજ/ટ્રાન્સફર લેખ બીજીતરફવાળાએ એકતરફવાળા પાસેથી કરાવી લેવાનો છે અને રહેશે. સદરહુ પ્રોજેકટની બી. યુ. પરમીશન આવ્યેથી સદરહુ મિલ્કતને લગતા મેન્ટેનેન્સ ચાર્જીસ, મ્યુનિસીપલ ટેક્ષ, વરાડે પડતુ જમીન મહેસુલ વિગેરે ભરવાની તમામ જવાબદારી બીજીતરફવાળાની છે અને રહેશે. સદરહુ મિલ્કત વેચાણ દસ્તાવેજ પછી તમામ સરકારી ખાતામાં

બીજીતરફવાળાના નામે ચઢાવવાનો ખર્ચ બીજીતરફવાળાએ ભોગવવાનો રહેશે.

**(૪.૫)** સદરહુ મિલ્કતના બાનાખત તથા વેચાણ દસ્તાવેજના વચ્ચેના સમય દરમિયાન જો એકતરફવાળા અને બીજીતરફવાળા વચ્ચે કોઈ નવી શરતો નકકી થાય તો તેવી શરતોનુ બંને પક્ષકારોએ પાલન કરવાની છે અને રહેશે અને તે બંને પક્ષકારોને માન્ય રહેશે. તેમજ તેવી નવી શરત મુજબનો ફેરફર બાનાખત/વેચાણ દસ્તાવેજ કરી શકાશે.

**(૫) <u>વિલંબીત સમય માટે વ્યાજ અને રદ્દીકરણ :–</u>**

**(૫.૧)** સદરહુ પ્રોજેકટ તારીખ ૩૧–૧૨–૨૦૨૩ ના રોજ સુધીમાં એકતરફવાળાએ પુર્ણ કરવાનો છે. પરંતુ જો શરત–૪.૨ માં જણાવેલ સંજોગો શિવાય પ્રોજેકટ પુર્ણ કરવામાં વીલંબ થાય તો તેવા સંજોગોમાં વિલંબીત સમય માટે બીજીતરફવાળાએ ચુકવેલી રકમ ઉપર વાર્ષિક ૯% સુધીનુ વ્યાજ એકતરફવાળાએ બીજીતરફવાળાને ચુકવવાનુ છે અને રહેશે.

**(૫.૨)** સદરહુ પ્રોજેકટ પુર્ણ કરવામાં એકતરફવાળા દવારા વિલંબ થાય (શરત–૪.૨ માં જણાવેલા સંજોગો શિવાય) અને બીજીતરફવાળા સદરહુ મિલ્કત ખરીદવાની ના પાડે તો તેવા સંજોગોમાં બીજીતરફવાળા આ બાનાખત રદ્દ કરાવી શકશે. અને આ બાનાખત રદ્દ થયેથી બીજીતરફવાળાએ ચુકવેલી તમામ રકમ વાર્ષિક ૯% વ્યાજ સહીત એકતરફવાળા બીજીતરફવાળાને પરત ચુકવી આપશે. પરંતુ અન્ય કોઈ સંજોગોમાં/કારણસર બીજીતરફવાળા આ બાનાખત રદ્દ કરાવી શકશે નહી/હકકદાર રહેશે નહી.

**(૫.૩)** સદરહુ મિલ્કતની બાકીની વેચાણ કિંમત ચુકવણીના હપ્તાની રકમ ચુકવવામાં જો બીજીતરફવાળા વિલંબ કરે તો તે વીલંબીત સમયે માટે વાર્ષિક ૯% લેખે વ્યાજની રકમ બીજીતરફવાળાએ એકતરફવાળાને ચુકવવાની છે અને રહેશે. અને જો આવી રકમ તથા વ્યાજ બીજીતરફવાળા ના ચુકવે તો તેઓ સદરહુ ફલેટનો કબજો મેળવી શકશે નહી.

**(૫.૪)** જો બીજીતરફવાળા સદરહુ બાનાખતમાં જણાવ્યા મુજબની કોઈપણ રકમ (વ્યાજ, ટેક્ષ સહીતની) ચુકવવામાં ૨(બે) માસથી વધારાનો વીલંબ કરશે તો શરત–૫.૩ માં જણાવ્યા મુજબ એકતરફવાળા વ્યાજ લેવાનો અધિકારના પુર્વગ્રહ વીના સદરહુ બાનાખત એકતરફી રીતે રદ્દ કરાવી શકશે.

સદરહુ બાનાખત/લેખ એકતરફી રદ્દ કરતા આગાઉ એકતરફવાળાએ બીજીતરફવાળાને તે રદ્દ કરવા સારૂ દિન–૧૫(પંદર) ની લેખીત નોટીસ આપી જાણ કરશે.

ઉપરોકત નોટીસ મળ્યા પછી પણ જો બીજીતરફવાળા બાકીની રકમ ચુકવે નહી તો એકતરફવાળા આ બાનાખત/લેખ એકતરફી રદ્દ કરી શકશે અને તેવો રદ્દીકરણનો લેખ રજીસ્ટર કરાવી શકશે. અને બીજીતરફવાળાએ

એકતરફવાળાને ચુકવેલી રકમમાંથી (લીકવીડેટેડ ડેમેજીસ)ના ૨૫% ની રકમ એકતરફવાળા કાપી શકશે. અને આ બાનાખત/લેખ રદૃ થયેથી બીજીતરફવાળાને સદરહુ મિલ્કતમાં કોઈ લાગભાગ, હકક, હીત, હીસ્સો રહેશે નહી. અને એકતરફવાળા સદરહુ મિલ્કત અન્યને વેચાણ કરી શકશે અગર એકતરફવાળા તેમનુ દીલ ચાહે તે કરી શકશે.

**(૬) <u>અમો એકતરફવાળા આથી ખાત્રી, બાંહેધરી અને વિશ્વાસ આપીએ છીએ કે :–</u>**

**(૬.૧)** એકતરફવાળા આથી વધુ ખાત્રી અને બાંહેધરી આપે છે કે સદરહુ નીચે પરિશિષ્ટમા વર્ણવેલી પ્રોજેકટ જમીનના અમારા ટાઈટલ્સ તદૃન ચોખ્ખા અને મારકેટેબલ છે અને સદરહુ જમીન તદૃન બીનજોખમી અને નકરજી છે અને તે પરત્વે વેચાણ આપનાર સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો કે અલાખો નથી અને તેવો પાકો ભરોસો અને વિશ્વાસ વેચાણ આપનાર વેચાણ લેનારને આપીએ છીએ.

**(૬.૨)** અમો એકતરફવાળાએ સદરહુ પ્રોજેકટ જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર અમો એકતરફવાળાએ આજદિન સુધી કોઈપણ સરકારી, અર્ધસરકારી કચેરીઓમાંથી, કોઈપણ વ્યકિત કે સંસ્થા પાસેથી, બેંક કે પેઢી પાસેથી, કોઈપણ સહકારી મંડળી પાસેથી કે અન્ય કોઈપણ જગ્યાએથી કોઈપણ પ્રકારની લોન લીધી નથી. તેમજ સદરહુ પ્રોજેકટ જમીન અમોએ કોઈનેપણ ત્યાં ગીરો, લીયન કે ચાર્જમા મુકેલી નથી.

**(૬.૩)** અમો એકતરફવાળા તમો બીજીતરફવાળાને આથી ખાત્રી, બાંહેધરી અને વિશ્વાસ આપે છે કે આ બાનાખતથી અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને વેચાણ આપવાનુ નકકી કરેલુ યુનીટની મિલ્કત કે સદરહુ પ્રોજેકટ જમીન/મિલ્કત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે ચાર્જ નથી. સદરહુ પ્રોજેકટ જમીન/મિલ્કત અગર તેના કોઈપણ ભાગ અંગે કોઈપણ કોર્ટ કે કચેરીનો મનાઈહુકમ નથી. તેમજ કોઈપણ કોર્ટ કે કચેરી દ્વારા ટાંચમા કે અવલ જપ્તીમાં લેવામાં આવેલી નથી કે અવલ જપ્તીમાં લેવા અંગે કોઈપણ પ્રકારની નોટીસ અમોને આજદિન સુધી મળેલી નથી કે બજી નથી.

**(૬.૪)** અમો એકતરફવાળા તમો બીજીતરફવાળાને આથી ખાત્રી, બાંહેધરી અને વિશ્વાસ આપે છે કે સદરહુ પ્રોજેકટ જમીન/મિલ્કત અગર તેનો કોઈપણ ભાગ અમોએ આ આગાઉ કોઈને બાનાખત કે ઈતર પ્રકારે લખી આપેલો નથી કે બીજી કોઈ રીતે ટ્રાન્સફર કરેલો નથી.

**(૬.૫)** સદરહુ યુનીટની મિલ્કતનો કબજો સોંપ્યાની તારીખ સુધીના તમામ પ્રકારના ટેક્ષો, વેરાઓ, શિક્ષણવેરો, એજયુકેશનસેસ, વિશેષધારો વિગેરે તમામ ભરપાઈ કરવા અમો એકતરફવાળા બંધાયેલા છીએ. ત્યારપછીના (કબજો સોંપ્યાની તારીખ પછીના) તેવા તમામ સરકારી પ્રવર્તમાન કાયદા મુજબ ભરવા પડતા તમામ પ્રકારના ટેક્ષો તથા વેરાઓ તથા કોમન ફેસીલીટીનો જાળવણી ખર્ચ, વહીવટી ખર્ચ વિગેરે તમો બીજીતરફવાળાના શીરે રહેશે.

**(૬.૬)** સદરહુ પ્રોજેકટ જમીન/મિલ્કત કે તેનો કોઈપણ ભાગ એકવીઝીશન, રેકવીઝીશન કે રીઝર્વેશનમાં નથી કે કોઈ કેસ પેન્ડીંગ નથી કે તે અંગે કોઈ નોટીસ અમો એકતરફવાળાને આજદિન સુધી મળેલી નથી કે નીકળેલી નથી. તેમજ સદરહુ પ્રોજેકટ જમીન/મિલ્કત વેચાણ કે ટ્રાન્સફર કરવા સામે કોઈપણ કોર્ટ કચેરીનો મનાઈહુકમ નથી.

**(૬.૭)** એકતરફવાળા બીજીતરફવાળાને ખાત્રી, બાંહેધરી અને વિશ્વાસ આપે છે કે આ સાથેના **''એનેક્ષ્ચર–સી''** દર્શાવ્યા મુજબનુ ફલોરીંગ, સેનેટરી ફીટીંગ્સ વિગરે આપવામાં આવશે.

**(૬.૮)** સદરહુ સ્કીમમાં જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન્સ મુજબ ખુલ્લુ કાર પાર્કીગ ............ ચોરસમીટર, કવર્ડ કાર પાર્કીગ ........... ચોરસમીટર આપવામાં આવેલુ છે.

**(૬.૯)** પ્રમોટર આથી જાહેર કરે છે પ્રોજેકટની જમીનમાં સંબંધમાં આજની તારીખ પ્રમાણેનો ફલોર સ્પેસ ઈન્ડેક્ષ ફકત ૨૫૨૫. ૪૦ ચોરસમીટર છે અને પ્રમોટરે, વિકાસ નિયંત્રણ વિનિયમમાં જણાવેલી વિવિધ યોજનાનો અમલ કરીને અથવા વિકાસ નિયંત્રણ વિનિયમના સદરહુ પ્રોજેકટને લાગુ પડતા ફેરફાર ઉપર ભવિષ્યમાં મેળવી શકાય તેવી વધારેલી એફએસઆઈ (FSI-Floor Space Index) ની અપેક્ષાને આધારે, પ્રિમિયમની અથવા ઈન્સેન્ટિવ એફએસઆઈ તરીકે ઉપલબ્ધ એફએસઆરની ચૂકવણી પર મળતા ટીડીઆર અથવા એફએસઆઈનો લાભ મેળવીને ૧૨૬૨.૭૦ ચોરસમીટરના ફલોર સ્પેશ ઈન્ડેક્ષનો ઉપયોગ કરવાનુ આયોજન કરેલ છે. પ્રમોટરે, સદરહુ પ્રોજેકટમાંની પ્રોજેકટની જમીન ઉપર પોતે લાભ લેવા ધારેલા ૩૭૮૮.૧૦ ચોરસમીટરનો ફલોર સ્પેસ ઈન્ડેક્ષ જાહેર કર્યો છે અને એલોટીએ, સૂચિત એફએસઆઈનો લાભ મેળવીને પ્રમોટરે કરવાના એપાર્ટમેન્ટના સૂચિત બાંધકામ અને વેચાણના આધારે અને જાહેર કરેલો સૂચિત એફએસઆઈનો લાભ ફકત પ્રમોટરને મળેલ છે તેવી સમજૂતીના આધારે, સદરહુ એપાર્ટમેન્ટ ખરીદવાનુ કબૂલ કરેલ છે.

**(૬.૧૦)** કબજો સોંપ્યેથી ૫(પાંચ) વર્ષના સમયગાળામાં જો બીજીતરફવાળા મિલ્કતમા અગર તો મિલ્કતના સ્ટ્રકચરમા ખામી હોવાનુ એકતરફવાળાને જણાવે અગર તો કામગીરીમાં, ગુણવત્તામાં અગર તો સેવાકીય જોગવાઈઓમાં ખામી હોવાનુ ધ્યાનમાં લાવે, તો જયા સુધી શકય હોય ત્યાં સુધી તેવી ખામી એકતરફવાળા પોતાના ખર્ચે સુધારી આપશે. અને જો તેવી ખામી સુધારવી શકય ના હોય તો બીજીતરફવાળા એકતરફવાળા પાસે આવી ખામીને સુધારવા/સારી કરવા જે ખર્ચ થાય તેટલુ વળતર એકતરફવાળા પાસેથી મેળવવા હકકદાર બનશે. પરંતુ નીચેના કેસીસમાં એકતરફવાળા આવી ખામીને સુધરવા કે તે અંગેનુ વળતર ચુકવવા જવાબદાર બનશે નહી.

(એ) જો આવી ખામીનુ કારણ એકતરફવાળાને લીધે થયુ ના હોય અગર તો એકતરફવાળાના કાબુની બહારનુ હોય.

(બી) કુદરતી ઘસારો (વેર એન્ડ ટેર) તથા રફ અગર અયોગ્ય વપરાશ અગર (બાંધકામમાં) અનઅધિકૃત સુધારા થવાને કારણે થયુ હોય.

(સી) કેટલીક કુદરતી રીતે બનેલી અથવા તો ફેકટરી દવારા બનાવવામાં આવેલી પ્રોડકટમાં, જો સ્વાભાવીક રીતે મંજુર કરી શકાય અને સહન કરી શકાય તેવા તેના આકાર, સાઈઝ, જાડાઈ કે કલરના વેરીએશન્સ કે જેને તેના ઉત્પાદક અને સપ્લાયરની ખામી ગણી શકાય. તેવી સ્વાભાવિક રીતેના અને મંજુરી વાળા ફેરફારો અંગે એકતરફવાળા જવાબદાર બનશે નહી.

(ડી) જયારે ત્રાહીતો દવારા એકતરફવાળાને/બીજીતરફવાળાને ખાતરી અને બાંહેધરી આપવામાં આવી હોય અને તેવી બાંહેધરી અને ખાતરીનુ પાલન માત્ર ત્રાહીતોએ કરવાનુ હોય તો તે અંગે એકતરફવાળા જવાબદાર બનશે નહી. વધુમાં સમય માટે ત્રાહીતે ઉત્પાદકની બાંહેધરી અને જામીનગીરી આપેલી હોય તે પહેલા જો ડીફેકટ લાયાબીલીટી પીરીયડ સમાપ્ત થતો હોય અને આવી બાંહેધરી એપાર્ટમેન્ટ/બીલ્ડીંગ/ફેઝ/વીંગના મેઈન્ટેનન્સની નીચે આવરી લેવાઈ હોય તો જો વાર્ષીક મેઈન્ટેનન્સ કરાર અગર લાગુ પડતા લાયસન્સીસ ખરીદનાર/મેનેજમેન્ટ બોડીએ નવેસરથી લીધી કે રીન્યુ કરાવેલી હોય, તો એકતરફવાળા વેચનાર જો તેવી ખામી ઉત્પન્ન થશે, તો જવાબદાર બનશે નહી.

(ઈ) જો ખરીદનારે આ કરારની શરત–૭ માં જણાવેલી રીપ્રેઝેન્ટેશન કે બાંહેધરીઓના પાલનમાં કસૂર કરી હશે તો.

(એફ) જો મેનેજમેન્ટ બોડી અગર તો બીજીતરફવાળાએ વ્યકિતગત રીતે ઉત્પાદક/વેચનારે જણાવેલા મેઈન્ટેનન્સ શીડયુલનુ પાલન કર્યુ ના હોય તો.

(જી) ઈલેકટ્રીક વાયરીંગ/દિવોલોમાં કોઈપણ પ્રકારનુ નુકશાન POP કરાવાથી થશે, ફર્નિચરના કામકાજ વખતે ફલોરીંગ ટાઈલ્સ/દિવાલો/પ્લમ્બીંગ પાઈપ (કિચન)(બાથરૂમ)માં નુકશાન થશે તથા પ્લમ્લીંગ એસેસરીઝમાં ચેન્જ કરાવમાં આવે અને તેના કારણે લીકેજના પ્રોબ્લેમ આવશે તો તેની જવાબદરી અમો એકતરફવાળાની રહેશે નહી.

(એચ) ડ્રેનેજ લાઈન (કિચન સીંક, ટોઈલેટ બાથ, વોશયાર્ડ) વીગેરેમાં અનાજનાદાણા, અગરબત્તીની સળીયો, ચાના કુચા, સેનેટરી નેપકીન જેવા અન્ય કચરાના કારણે થતા બ્લોકજના રીપેરીંગની જવાબદારી અમો એકતરફવાળાની રહેશે નહી. ટોઈલેટ/બાથરૂમમાં એસીડ વાપરવાથી જોઈન્ટ (ફલોર)માં ખુલી જશે તેના કારણે થતા લીકેજની જવાબદારી બીલ્ડરની રહેશે નહી. તેમજ ટીવીના કેબલ(ડીશટીવી) ના કેબલ નાંખવા માટે પાડવામાં આવતા હોલથી થતા લીકેજની જવાબદારી અમો એકતરફવાળાની રહેશે નહી.

(આઈ) બીજીતરફવાળા મિલ્કતમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરશે નહી, જેવો કે તેના કોલમમાં ફેરફાર થયો હોય તો, બીલ્ડીંગના બીમ્સમાં ફેરફાર થયો હોય તો, મિલ્કતના ફીટીંગ્સમાં ફેરફાર થયો હોય કે તે બાબતે સંમતી આપવામાં આવેલી હોય કે બીજીતરફવાળાએ કોઈપણ ફીટીંગ્સમાં, પાઈપમાં,

પાણી પુરૂ પાડતા કનેકશનમાં કે કોઈપણ બાંધકામ કે બાથરૂમ, ટોઈલેટ, કિચનમાં ફેરફાર કર્યો હોય કે જેને કારણે પાણીનુ લીકેજ/સીપેજ થાય. જો આવુ કોઈપણ કામ એકતરફવાળાની લેખીત સંમતી વગર કરવામાં આવેલુ હશે તો તેવી ખામીની બાબતે એકતરફવાળાની જવાબદારી આપોઆપ રદ્દબાતલ બની જશે.

**(૬.૧૧)** આ કાયદાની જોગવાઈ અનુસાર એકતરફવાળા વેચાણ આપનાર આ પ્રોજેકટમાંનો કોમન એરીયા અને હકકો મેનેજમેન્ટ બોડીને તબદીલ કરશે તથા તેનો શાંત કબજો મેનેજમેન્ટ બોડીને સોંપશે.

**(૭) <u>ખરીદનારની બાંહેધરીઓ અને રજુઆત</u> :–**

**(૭.૧)** ખરીદનાર આ કરાર નીચે તમામ રકમ (વ્યાજ સહીત) નિયમિતપણે ચુકવી આપશે.

**(૭.૨)** ખરીદનારને જે હેતુ માટે મિલ્કત આપવામા આવેલ છે, તે સિવાય અન્ય હેતુ માટે તેઓ તેનો ઉપયોગ કરી શકશે નહી યાને કે ખરીદનારે માત્ર રહેણાંકના હેતુ માટેજ આ મિલ્કત વાપરવાની છે. તેઓ વ્યાપારીક, ધાર્મિક, ઔદ્યોગીક, વ્યવસાયીક રીતે શૈક્ષણીક જેવો અન્ય ઉપયોગ કરી શકશે નહીં. તેજ રીતે ખરીદનાર પાર્કીંગ સ્પેસનો ઉપયોગ ફકત પેસેન્જર વેહીકલ (મોટરકાર) તથા ટુ વ્હીલર પાર્ક કરવાના કે રાખવાના હેતુ માટે કરશે.

**(૭.૩)** સદરહુ મિલ્કત વાપરવા માટે અને ઓકયુપેન્સી (ભોગવટા) માટે તૈયાર હોવા અંગેની લેખિત નોટીસ વેચાણ આપનાર ધ્વારા વેચાણ રાખનાર/ખરીદનારને આપવામાં આવ્યેથી દિવસ–૧૫ (પંદર) માં સદરહુ પ્રોજેકટની જમીન અને સ્કીમમાંના વગર વહેંચાયેલા વરાડે પડતા હિસ્સાની જમીન (યાને કે સદરહુ બિલ્ડીંગના કારપેટ એરીયાના વરાડે પડતી) અંગેના સ્થાનિક વેરાઓ (લોકલ ટેકસીસ), બેટરમેન્ટ ચાર્જીસ કે સ્થાનિક સત્તામંડળ (લોકલ ઓથોરીટી) કે સરકારી અન્ય વેરાઓ, વોટર ચાર્જીસ, વીમો, કોમન લાઈટસ, રીપેરીંગ અને ઉઘરાણી કલાર્ક, ચોકીદાર, સફાઈ કર્મચારીનો પગાર અને અન્ય જરૂરી ખર્ચાઓ કે જે સદરહુ પ્રોજેકટ અને પ્રોજેકટની જમીનનુ મેનેજમેન્ટ અને મેઈન્ટેનન્સ કરવા સારૂ જરૂરી જણાય, તેવા તમામ ચુકવવા સારૂ ખરીદનાર જવાબદાર બનશે. જયાં સુધી મેનેજમેન્ટ બોડી (સોસાયટી/એસોસીએશન/કંપની)ની રચના થાય નહીં, ત્યાં સુધી ખરીદનાર ઉપર જણાવ્યા મુજબના ખર્ચાઓ, વેરાઓ, વિગેરેની વરાડે પડતા હિસ્સાની રકમ વેચનારને ચુકવશે. તેવી ખરીદનારે ચુકવેલી તેવી રકમ ઉપર, વેચનાર તે રકમ ઉપરોકત મેનેજમેન્ટ બોડીમાં ટ્રાન્સફર કરે, ત્યાં સુધીના સમય માટે વેચનાર ધ્વારા ખરીદનારને કોઈજ વ્યાજ ચુકવવામાં આવશે નહીં.

**(૭.૪)** ખરીદનાર સંમત થાય છે કે તેઓ સદરહુ મિલ્કતના સંપુર્ણ, સ્વતંત્ર અને આગવા માલીક બનશે. તેમ છતાં મેનેજમેન્ટ બોડી (સોસાયટી/એસોસીએશન/કંપની) ધ્વારા રચનારા નીતિ નિયમો અનુસાર તેઓ સદરહુ મિલકત વાપરશે, ભોગવશે અને ટ્રાન્સફર કરશે તથા તમોએ સ્કીમના નીતિ નિયમોનુ પાલન કરવાનુ છે. તમોએ સ્કીમના કર્મચારીઓ સાથે/મેનેજમેન્ટ સાથે ઝઘડવાનુ નથી.

**(૭.૫)** ખરીદનારને જાણ છે કે સદરહુ પ્રોજેકટમાંના અન્ય યુનિટોને ભવિષ્યમાં અન્ય ખરીદનારાઓને વેચાણ/ટ્રાન્સફર કરવામાં આવશે અને તે અંગેના બાનાખતો, કરારો, વેચાણ દસ્તાવેજો, કન્વેયન્સ ડીડસ, વિગેરે લેખો વેચનાર ધ્વારા અન્ય ખરીદનારાઓની તરફેણમાં કરી આપવામાં આવશે. વધુમાં ખરીદનારને જાણ છે કે તેવા તમામ માલીકો પણ સદરહુ સ્કીમમાંની કોમન સુવિધાઓનો વાપર, ઉપયોગ તથા ઉપભોગ કરવા સારૂ હકકદાર બનશે અને તેઓનો તેમાં વગર વહેંચાયેલો હકક રહેશે. સૂચીત મેનેજમેન્ટ બોડીના સભ્ય બન્યેથી અને જરૂરી ચાર્જીસ/ફીની રકમ ચુકવ્યા પછીથી ખરીદનાર વગર વહેંચાયેલી કોમન સુવિધાઓનો વાપર, ઉપયોગ તથા ઉપભોગ કરવા સારૂ હકકદાર બનશે. સદરહુ પ્રોજેકટ અંગે એકતરફવાળા પ્રોજેકટ લોન મેળવી શકશે, તેમાં ખરીદનાર સંમતી આપે છે.

**(૭.૬)** સદરહુ મિલ્કતનો કબજો સોંપ્યાની તારીખથી ખરીદનાર તેમના પોતના ખર્ચે રીપેરીંગ કરાવશે અને સદરહુ મિલ્કતને સારી સ્થિતિમાં જાળવણી કરશે. તેમજ સ્થાનીક સંસ્થાઓની (જરૂરી જણાય તો )મંજુરી મેળવ્યા સિવાય અને નીતિ નિયમો કે બાયોલોઝની વિરૂધ્ધમાં જઈને તેઓ તેમની મિલકતમાં પોતેજાતે કોઈ બાંધકામ કે ફેરફાર કે વધારો કરાવશે નહીં.

**(૭.૭)** ખરીદનાર તેમની મિલકતમાં કોઈ સ્ફોટક પદાર્થ લાવશે કે રાખશે નહી તેમજ કોઈ એવી વજનદાર વસ્તુ લાવશે કે રાખશે નહી કે એવુ કોઈ કૃત્ય કરશે નહી, જેનાથી બિલ્ડીંગના બાંધકામના માળખાને નુકશાન થાય.

**(૭.૮)** ખરીદનારને મિલ્કતની જગ્યાનો અને બાંધકામનો કબજો સોંપવામાં આવે ત્યારથી તેઓ તેમના પોતાના ખર્ચે તેની સંભાળ લેશે અને જાળવણી કરશે અને આવી જાળવણી તેમને કબજો સોંપાયો, ત્યારે જે સ્થિતીમાં હોય, તેવી સ્થિતીમાં તે મિલ્કત રહે તેવી સારી રીતે કરશે. તેમજ તેમના કૃત્યો અને અકૃત્યો અને અપકૃત્યો માટે માત્ર ખરીદનાર જ જવાબદાર રહેશે અને વેચાણ આપનારની કોઈ જવાબદારી રહેશે નહી અને જો કોઈને નુકશાની પહોંચે તો તેની જવાબદારી પણ માત્ર ખરીદનારની એકલાની જ રહેશે.

**(૭.૯)** ખરીદનાર સદરહુ મિલ્કતનો કોઈપણ ભાગ તોડશે, તોડાવશે નહી કે તેમા કોઈપણ સ્વરૂપનો વધારો કે ફેરફાર કરશે નહી. ઉપરાંતમા બિલ્ડીંગની માર્જીનની જમીનમા તથા પેસેજ, લોબી કોરીડોરમા કોઈપણ પ્રકારનુ કાચુ કે પાકુ બાંધકામ કે અડચણ કે સ્ટોરેજ ખરીદનાર કરશે નહી. તેમજ સમગ્ર સ્કીમની બહારની બાજુએ જે કલરકામ કરવામાં આવે, તેમાં કોઈ ફેરફાર કરશે નહી તેમજ મિલ્કતમાં કોઈ નાના મોટા બારી કે બાકોરા પાડશે નહી તથા સ્ટ્રકચરને ડેમેજ થાય તેવુ કંઈજ કરશે નહી. એરકન્ડીશનર નીયત કરી રાખેલી જગામાં જ મુકશે.

**(૭.૧૦)** ખરીદનારે સદરહુ મિલ્કતમાં એકતરફવાળા દવારા નિયત કરવામાં આવેલી એરકન્ડીશનરની પાઈપ લાઈન મુજબ એરકન્ડીશનર ફીટીંગ કરાવવાનુ રહેશે અને બીલ્ડીંગના અન્ય કોઈપણ ભાગમાં તોડફોડ કરશે કરાવશે નહી કે બારી કે બાકોરા પાડશે નહી તથા સ્ટ્રકચરને ડેમેજ થાય તેવુ કંઈજ કરશે નહી.

**(૭.૧૧)** બીજીતરફવાળા તેમની મિલ્કતમાં કોઈપણ જાતનો ફેરફાર કરશે નહી કે વધારાનુ કોઈપણ જાતનુ બાંધકામ કે પાર્ટીશન કરશે નહી. જેનાથી પ્રોજેકટના બહારાના એલીવેશન બદલાઈ જાય. જો બીજીતરફવાળા આવુ કોઈપણ પ્રકારનો ફેરફાર કે બાંધકામ કે પાર્ટીશન કે પ્રોજેકશન કે કાર્ય કરતા જણાશે તો એકતરફવાળા/મેનેજમેન્ટ બોડી તેમ કરતા બીજીતરફવાળાને તથા તેમાના વખતોવખતના ખરીદનારાઓને રોકવા હકકદાર છે અને રહેશે. તે બાબત બીજીતરફવાળાને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

**(૭.૧૨)** તમોએ તમારી મિલ્કતનો તથા માલ સામાનનો તમારા ખર્ચે નિયમીતપણે કાયમ માટે સારી સધ્ધર વીમા કંપનીમાંથી વીમો ઉતરાવી લેવાનો અને ચાલુ રાખવાનો છે. આવો વીમો આગ, વિગેરે અકસ્માતોના માઠા પરિણામો સામેના રક્ષણ માટે, તેમજ દૈવ કૃત્યો, જેવા કે અતિશય વરસાદ, ધરતીકંપ, વીજળી પડવી, વિગેરેના કારણે થતા જોખમો અંગે ઉતરાવી લેવાનો છે. જો મિલ્કતમાં  અકસ્માત થાય અને તેનાથી આજુબાજુ વાળાનુ તથા અન્યના જાનમાલનુ જો કોઈ નુકસાન થાય, ત્યારે તમોએ તેવા વીમા માંથી મળેલી રકમને નુકશાની ભરપાઈ કરવા માટે વાપરવાની છે અને તેવી રકમ તમોએ  બચાવવાની નથી.

**(૭.૧૩)** ખરીદનાર પોતાના મિલ્કતમાંથી કોઈપણ પ્રકારનો કચરો કે ગંદકી કે વસ્તુઓ બહાર નાંખશે નહી. તેમજ અન્ય મિલ્કતની આગળ કે ઉપર ગંદકી કે વસ્તુઓ નાંખશે/મુકશે નહી અને તેનો સુયોગ્ય રીતે નિકાલ કરશે.

**(૭.૧૪)** આ બાનાખત હેઠળની ચુકવવાની થતી તમામ લ્હેણી રકમો જયાં સુધી પુરેપુરી ખરીદનાર ધ્વારા વેચનારને ચુકવાઈ જાય નહીં ત્યાં સુધી અને વેચનારની લેખિત પૂર્વ મંજુરી મેળવ્યા શીવાય ખરીદનાર સદરહુ કરાર હેઠળના તેમને મળેલા હકકો કોઈપણ પ્રકારે ભાડે, પેટા ભાડે આપી શકશે નહીં, કે ટ્રાન્સફર, કે એસાઈન કરી શકશે નહીં.

**(૭.૧૫)** સરકારી, અર્ધસરકારી, લાગતા વળગતા સ્થાનિક સત્તાધિકારી ધ્વારા વખતોવખત ઘડાનારા બાયલોઝ બિલ્ડીંગ રૂલ્સ, રેગ્યુલેશન્સ અને બાયલોઝના નિરીક્ષણ અને પ્રભાવ અનુસાર સદરહુ બિલ્ડીંગ અને સદરહુ એપાર્ટમેન્ટની જાળવણી અને નિભાવ સારૂ મેનેજમેન્ટ બોડી ધ્વારા ઘડાનારા તમામ નીતિ નિયમો તથા તેમાં થનારો સુધારો, વધારો, ફેરફાર, વિગેરેની ખરીદનાર ચકાસણી કરી શકશે. સદરહુ બિલ્ડીંગમાંના સદરહુ મિલ્કતના ભોગવટા અને વપરાશ અંગે મેનેજમેન્ટ બોડી ધ્વારા લેવાયેલા તમામ પગલાઓ અને શરતોની ખરીદનાર દેખરેખ અને પ્રદર્શન કરી શકશે અને આ કરારની શરત અનુસાર તમામ વેરાઓ, ખર્ચાઓ અને અન્ય લ્હેણાંઓ ખરીદનાર સમયસર અને નિયમીતપણે ચુકવશે.

**(૭.૧૬)** સદરહુ મિલ્કત કે બિલ્ડીંગ કે તેના ભાગની કે પ્રોજેકટ લેન્ડની ચકાસણી કરવા કે જોવા સારૂ વેચનાર અને તેમના સર્વેયર અને એજન્ટોને (કારીગરો સાથે કે કારીગરો વગર) યોગ્ય સમયે એપાર્ટમેન્ટમાં પ્રવેશ કરવા સારૂ ખરીદનાર મંજુરી આપશે.

**(૭.૧૭)** ખરીદનારને આ બાનાખતના કરારના આધારે સદરહુ મિલકતમાં

કોઈજ લાગભાગ, હકક, હિત, કે હિસ્સો પ્રાપ્ત થતો નથી. ખરીદનાર ધ્વારા ફુલ એન્ડ ફાઈનલ અવેજની રકમ (ઉપરોકત તમામ ચાર્જીસ વ્યાજ સહીત) ની વેચનારને ચુકવણી થયેથી તથા ખરીદનારની તરફેણમાં ફાઈનલ વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ થયેથી તેવા સદરહુ મિલકતના ટાઈટલ્સ ખરીદનારને ટ્રાન્સફર કરવામાં આવશે.

**(૭.૧૮)** સદરહુ પ્રોજેકટ લેન્ડમાં બાંધકામ કરવા મળતી પુરેપુરી ફલોર સ્પેસ ઈન્ડેક્ષ બી. યુ. પરમીશન આવે તે પહેલા વેચાણ આપનારે પુરેપુરી વાપરવાની છે. બી. યુ. પરમીશન મળ્યા બાદ વધેલી એફ.એસ.આઈ. તથા ભવિષ્યમાં મળનાર એફ.એસ.આઈ.નો હકક સદરહુ સ્કીમના તમામ ખરીદનારનો/ એલોટીનો સહીયારો/સોસાયટીનો રહેશે અને પ્રમોટરનો રહેશે નહીં.

**(૭.૧૯)** મેનેજમેન્ટ બોડીની રચના થયેથી આ સ્કીમમા જે યુનીટોની મિલ્કત વેચાયા વગરની હોય, તેના સંપુર્ણ અને સ્વતંત્ર માલીક માત્ર એકતરફવાળા છે અને તેઓ તે ઈચ્છે તેને ઈચ્છે તે પ્રકારે વેચાણ કે ટ્રાન્સફર કરી શકશે. તેવી અન્ય મિલ્કતોમાં બીજીતરફવાળાને કોઈ હકક નથી કે ખરીદનારે કરવાનો નથી તથા તેવા ત્રાહીત સૂચીત ખરીદનાર/ટ્રાન્સફરીઓ પણ મેનેજમેન્ટ બોડીમાં સભ્ય બનશે તથા સદરહુ પ્રોજેકટની તમામ કોમન સુવિધાઓ વાપરવા સારૂ તેઓ હકકદાર બનશે. આવા વેચાયા વગરના યુનીટોના મેઈન્ટેનન્સની રકમ જે તે સમયે યુનીટ વેચાય ત્યારે તે યુનીટના ખરીદનારે મેનેજમેન્ટ બોડીને ચુકવશે. જયાં સુધી યુનીટોનુ વેચાણ ના થાય ત્યા સુધી એકતફરવાળા પાસે આવી કોઈ મેઈન્ટેનન્સની રકમ કે મેઈન્ટેનન્સનુ એડવાન્સ માંગવા કે મેળવવા બીજીતરફવાળા કે મેનેજમેન્ટ બોડી હકકદાર રહેશે નહી.

**(૭.૨૦)** આ બાનાખતના કરારમાં સહી કરતી વખતે વેચાણ આપનારે એપ્રુવ્ડ લે–આઉટ/પ્લાન (ચેન્જ/વેરીએશન/મોડીફીકેશનને આધીન) ખરીદનારને બતાવેલા છે તથા તેવા એપ્રુવ્ડ લે–આઉટ/પ્લાન ખરીદનારે સ્વીકારેલા છે. તેવા એપ્રુવ્ડ લે–આઉટ/પ્લાન ફકત પ્રોવીઝનલ છે તથા તેમાં વેચાણ આપનાર વખતોવખત સંપુર્ણ ચર્ચા કરીને ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સની જરૂરીયાતોને મુજબ અને/અથવા માર્કેટ ડીમાન્ડ અને માર્કેટની કંડીશન્સ સહીતના કોઈપણ કારણસર ફેરફાર, બદલાવ કરી શકશે. તથા ખરીદનારને સદરહુ પ્રોજેકટ અંગેનુ બ્રોશર આપવામાં આપવામાં આવેલુ છે. તે બ્રોશર ફકત ઉદાહરણના હેતુ માટે છે અને તે કોઈ લીગલ ડોકયુમેન્ટ નથી. તેમાં દર્શાવેલી ઈમેજ કોમ્પ્યુટરાઈઝડ રજુઆત/પ્રતિકૃતિ છે અને તે ભૂલ અને મંતવ્યોને આધીન છે. તે બ્રોશરમાં દર્શાવેલા ફર્નીચર અને ફીકસ્ચર્સ ફકત ઉદાહરણ માટે છે અને તે સ્ટાન્ડર્ડ પ્રોડકટનો હિસ્સો નથી. સાઈટ ઉપરના એકચ્યુલ કન્સ્ટ્રકશનમાં કે પ્રોજેકટની એમેન્ટીઝમાં કે સ્પેશીફીકેશનમાં સદરહુ પ્રોજેકટના એન્જીનીયર કે આર્કીટેકટ ધ્વારા સૂચવ્યા મુજબની ફેરબદલ કરવા સારૂનો હકક વેચનાર તેમની પાસે અનામત રાખે છે. વેચાણ આપનાર વખતોવખત પુરેપુરી ઉપલબ્ધ એફ.એસ. આઈ. વાપરવા માટે જરૂરીયાત મુજબ એપ્રુવ્ડ લે–આઉટમાં/બાંધકામના પ્લાનમાં કોઈપણ પ્રકારના ફેરબદલ/સુધારા અને/અથવા વેરીએશન કરવા સારૂ હકકદાર રહેશે, તેમાં ખરીદનાર તેમની ઈરીવોકેબલ સંમતી આપે છે. ખરીદનાર સદરહુ પ્રોજેકટના લેઆઉટ/પ્લાનમાં કોઈપણ ફેરબદલ/સુધારા/પરિવર્તન (વેરીએશન) ને નિરીક્ષણ (ચકાસણી) કે તેની માંગણી કરવાના હકકદારને છોડી દે છે.

**(૭.૨૧)** સદરહુ પ્રોજેકટમાં કાયદેસરની મંજુરીઓ મેળવીને બાંધકામ/ ડેવલપમેન્ટ થવાનુ હોઈ તેમાં ખરીદનાર કોઈપણ વાંધો કે તકરાર કરી શકશે નહીં અને સદરહુ પ્રોજેકટને ડેવલપ કરવા સારૂ વેચાણ આપનારને તમામ સાથ સહકાર આપશે.

**(૭.૨૨)** સદરહુ પ્રોજેકટની જમીન, સદરહુ મિલકત, કિંમત અને વેચાણ આપનારે ડેવલપ કરવાની સદરહુ મિલકતના ટાઈટલ્સ, મંજુરીઓ, બ્રોશર્સ, લે–આઉટ, પ્લાન, સ્પેશીફીકેશન, વિગેરે ખરીદનારે જોઈ તપાસી લીધેલા છે અને તેનાથી તેમને સંતોષ છે તથા ખરીદનારે સદરહુ મિલકતનુ બુકીંગ કરાવતી વખતે ભરેલા એપ્લીકેશન ફોર્મની નકલ મેળવી લીધેલી છે અને તેમાં જણાવેલી તમામ શરતો અને સમજુતિઓમાં ખરીદનાર સંમતી આપે છે અને તેવી શરતો અને સમજુતિઓ ખરીદનારને બંધનકર્તા રહેશે અને તે એપ્લીકેશન/બુકીંગ ફોર્મ આ બાનાખતનો એક ભાગ ગણાશે.

**(૭.૨૩)** વેચાણ દસ્તાવેજ થયા પછી કે તે અગાઉ વખતોવખત ભવિષ્યમાં જે કોઈ ટાઉન પ્લાનીંગને લગતા ચાર્જીસ, ગટર કે પાણી વેરો, કે કોઈપણ બેટરમેન્ટ ચાર્જીસ, કે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન/અમદાવાદ અરબન ડેવલપમેન્ટ (અઉડા) ઓથોરીટી/સરકારી વેરાઓ/ચાર્જીસ, ગ્રામ પંચાયત/નગરપાલીકા વિગેરે ભરવાના થાય, તો તે તમામ વેચાણ રાખનારે ભરવાના છે.

**(૭.૨૪)** સદરહુ મિલકતના બુકીંગ/બાનાખતના કરારની તારીખ પછીથી સદરહુ મિલ્કતના હાલના અને ભવિષ્યના લાગુ પડતા ચાર્જીસ કે કેન્દ્ર સરકાર, રાજય સરકાર, અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન/અમદાવાદ અરબન ડેવલપમેન્ટ (અઉડા)ઓથોરીટી/અને/અગર સ્થાનિક સત્તામંડળને ચુકવવાના થતા ચાર્જીસ/વેરાઓ જેવા કે પ્રોપર્ટી/ મ્યુનિસિપલ ટેક્ષ, ગ્રામ પંચાયત/નગર પાલીકાના વેરા, સેસ, બેટરમેન્ટ ચાર્જીસ વિગેરે તમામ પ્રકારના વેરાઓ ખરીદનારને શીરે રહેશે અને તેવી તમામ રકમ વેચાણ રાખનારે ભરવાની રહેશે.

**(૭.૨૫)** સદરહુ ''NIRMAN HEIGHTS" સ્કીમમા ઉપર આવેલા ધાબા(ટેરેસ)નો સ્કીમના તમામ સભાસદોએ હળીમળીને સહીયારી રીતે વપરાશ કરવાનો છે. સદરહુ ''NIRMAN HEIGHTS" સ્કીમમા આવેલી ધાબા(ટેરેસ)ની જગ્યા કોઈપણ સભાસદને આગવી રીતે એલોટ કરેલી નથી કે આપેલી નથી, ધાબા(ટેરેસ)ની જગ્યામાં સ્કીમના કોઈપણ સભાસદે કોઈપણ જાતનુ પાકુ બાંધકામ કરવાનુ નથી.

**(૭.૨૬)** પ્રમોટર આ કરાર કરે તે પછી તેઓ આ મિલ્કત/એપાર્ટમેન્ટ ગીરો મૂકશે નહી, અથવા તેના પર કોઈ બોજો (ચાર્જ) ઉભો કરશે નહીં, અને જો આવો કોઈ સાનગીરો અથવા બોજો ઉભો કરવામાં આવશે, તો તત્પૂરતા સમય માટે અમલમાં હોય તેવા કાયદામાં ગમે તે મજકૂર (જોગવાઈ) હોય તેમ છતાં, આવો સાનગીરો કે બોજો, એપાર્ટમેન્ટ/પ્લોટ લેનાર અથવા લેવા સંમત થનાર એલોટીના હકક અને હિતને અસર કરશે નહી.

**(૮) <u>બંધનકર્તા અસરો :–</u>**

આ બાનાખતમાં જણાવેલા પેમેન્ટ પ્લાન મુજબની રકમની ચુકવણી બીજીતરફવાળા દવારા એકતરફવાળાને થયેથી અને દિન–૧૫(પંદર)માં ખરીદનાર તેની સહીઓ આ લેખમાં કરવાની છે અને તે લેખની નોંધણી સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં કરાવવાની છે. આ લેખની નોંધણી સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં થયેથી આ લેખ બંને પક્ષકારોને બંધનકર્તા થશે. પરંતુ જો આ લેખમાં બીજીતરફવાળા દવારા દિન–૧૫(પંદર)માં સહીઓ ના થાય તો એકતરફવાળાએ બીજીતરફવાળાને નોટીસ આપીને સહીઓ કરવા માટે બોલાવવાના છે. તેમ છતા જો બીજીતરફવાળા આ લેખમાં સહીઓ કરવા માટે ના આવે તો બીજીતરફવાળાએ ચુકવેલી બુકીંગ એમાઉન્ટમાંથી એડમીસ્ટ્રેટીવની રકમ રૂા.૫૦,૦૦૦/– પુરા કાપીને બાકીની રકમ એકતરફવાળાએ બીજીતરફવાળાને પરત ચુકવવાની છે. અને બીજીતરફવાળાનુ યુનીટનુ બુકીંગ રદ્દ કરવાનુ છે.

**(૯) <u>સંપુર્ણ કરાર :–</u>**

આપણે પક્ષકારો વચ્ચે થયેલો આ કરાર તેમા જણાવેલા પરિશિષ્ટો તથા એનેક્ષ્ચર્સ સહીતનો સંપુર્ણ કરાર ગણાશે. અને આ સંપુર્ણ કરાર સદરહુ મિલ્કતને લગતા અન્ય તમામ લેખીત કે મૌખિક સમજુતીઓ, અન્ય કોઈપણ કરારો, એલોટમેન્ટ લેટર, પત્રવ્યવહાર, વ્યવસ્થા કરતા પણ ઉપરી અને વધુ મહત્વનો ગણાશે.

**(૧૦) <u>કરારમાં ફેરફાર :–</u>**

સદરહુ બાનાખત/લેખમાં જો કોઈપણ જાતનો ફેરફાર/સુધારો કરવાનો થાય તો તે બંને પક્ષકારોની લેખીત સંમતીથી કરવાનો રહેશે.

**(૧૧) <u>આ બાનાખત/લેખમાં જણાવેલા તમામ શરતો ખરીદનાર તથા તેમના વખતોવખતના માલીકોને બંધનકર્તા રહેશે :–</u>**

સદરહુ બાનાખત/લેખમાં જણાવેલી તમામ શરતો અને સમજુતીઓ અને તેનાથી ઉપલબ્ધ થતા હકકો સદરહુ મિલ્કત ખરીદનાર તથા તેમના વખતોવખતના માલીકોને બંધનકર્તા છે અને રહેશે. તે બાબત બંને પક્ષકારો કબુલ, મંજુર રાખે છે.

**<u>(૧૨) સેવરેબીલીટી :–</u>**

આ કરારની કોઈપણ જોગવાઈ, ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ્દ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નકકી કરવામાં આવે તો, આવી જોગવાઈઓ, તે આ કરારના હેતુ સાથે અસંગત હોય એટલા પૂરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે

સુધારાયેલી અથવા રદ્દ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઈઓ, આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

**(૧૩) <u>નોટીસ :–</u>**

એકતરફવાળાએ તથા બીજીતરફવાળાએ પરસ્પર એકબીજાને કોઈપણ પત્ર, કે નોટીસ રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલવાની હોય, તો તેમનુ પત્રવ્યવહારનુ સરનામુ નીચે મુજબ રહેશે.

**<u>બીજીતરફવાળા–વેચાણ રાખનારનુ નામ, સરનામુ અને કોન્ટેકટ નંબર :</u>**

નામ :–
સરનામુ :–
મોબાઈલ નંબર :–
ઈમેઈલ આઈ.ડી :–

**<u>એકતરફવાળાનુ નામ, સરનામુ અને કોન્ટેકટ નંબર :</u>**

નામ :– ''શ્રીમદ્ કન્સ્ટ્રકશન'' એ નામની ભાગીદારી પેઢી,
સરનામુ :– ૫૦૧, વૃંદાવન એન્કલેવ, એ. ઈ. સી. ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩

એટેન્શન ટુ :–

ઈમેઈલ આઈ.ડી :–

**(૧૪) <u>સંયુકત ખરીદનાર :–</u>**

સદરહુ સ્કીમમાં મિલ્કત ખરીદનાર સંયુકત નામે મિલ્કત ખરીદી હોય તો તેવા કેસમાં મિલ્કત ખરીદવા સારૂની તમામ ચર્ચા–વિચારણા, વાટાઘાટો કે પત્રવ્યવહાર વિગેરે જે ખરીદનારનુ લેખમાં પ્રથમ લખવામાં આવેલુ હશે તેની સાથે એકતરફવાળા કરશે. તે બાબત તમામ ખરીદનારને બંધનકર્તા છે અને રહેશે.

**(૧૫) <u>સ્થાનીક કાયદો :–</u>**

સદરહુ કરારમાંથી ઉદભવતા પક્ષકારોના હકકો તથા જવાબદારીનુ પાલન અને અમલ જે તે સમયે ભારતના પ્રવર્તમાન કાયદા મુજબ કરવાનુ રહેશે. આ કરારના અર્થઘટન અંગે તથા આપણી વચ્ચે થયેલ સમજુતી અંગે કોઈપણ પ્રકારે કાંઈપણ મતભેદ થાય તો તેનો નિકાલ (રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬) ના કાયદા મુજબ રેરા ઓથોરીટી દવારા લાવવાનો છે.

**(૧૬)** અમો શ્રી પ્રશાંત જયંતિલાલ શાહને સદરહુ પ્રોજેકટની મિલ્કત અંગે ''શ્રીમદ્ કન્સ્ટ્રકશન'' એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી અમે પોતે જાતે તથા સદરહુ ભાગીદારી પેઢીના અન્ય ભાગીદારો–.................. ................................................................ એ તારીખ ..... ............ ના રોજ ડીડ ઓફ જનરલ પાવર ઓફ એટર્ની (કુલમુખત્યારનામા) લખી આપી જોઈન્ટલી અને/અગર સેવરલી રીતે કાર્યો કરવા મુખત્યાર નીમેલા છે. આ ડીડ ઓફ જનરલ પાવર ઓફ એટર્ની (કુલમુખત્યારનામા) હાલમા ચાલુ અને અમલમા છે અને તે આજદિન સુધી અમો પેઢીએ કે તેના ભાગીદારોએ કેન્સલ કે રદ કરેલ નથી કે તેમા આજદિન સુધી કોઈપણ જાતના ફેરફાર કરેલા નથી કે કરવામા આવેલા નથી અને આ બાનાખતમાં સહી કરવા સારૂ પેઢીના ભાગીદારોએ અમોને સંપુર્ણ સત્તા અને અધિકાર આપેલો છે અને તે આધારે અમોએ પોતે જાતે તથા એકતરફવાળા પેઢી તથા તેના ભાગીદારોના પાવર ઓફ એટર્ની હોલ્ડર તરીકે આ બાનાખતમા અમારી સહી કરેલી છે.

**(૧૭)** આ બાનાખત તથા વેચાણ દસ્તાવેજને લગતા ખર્ચા જેવા કે સ્ટેમ્પડયુટી, એડીશનલ સ્ટેમ્પડયુટી, રજીસ્ટ્રેશનફી, અન્ય ભરવાના થતા સરકારી વેરા, વકીલફી, લખામણી ખર્ચ, ટાઈપીંગ ખર્ચ તથા પરચુરણ ખર્ચ વિગેરે તમામ ખર્ચ તમો બીજીતરફવાળાએ ભોગવવાનો છે. ભવિષ્યમાં આ લેખને લગતી વધારાની કોઈ સ્ટેમ્પડયુટી ભરવી પડે કે રજીસ્ટ્રેશન ફી અંગે કોઈ પણ જવાબદારી આવી પડે તો તે તમામ તમો બીજીતરફવાળાએ એકલાએ ભોગવવાની છે અને રહેશે. તથા ભવિષ્યમાં જો આ બાનાખત/લેખ રદ્ કરવાનો થાય તો તેને લગતા ઉપરોકત તમામ ખર્ચા વિગેરે તમો બીજીતરફવાળાએ ભોગવવાના છે.

## <u>પરિશિષ્ટ–૧</u>
## (સમગ્ર પ્રોજેકટ જમીનનુ વર્ણન)

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ–ડીસ્ટ્રીકટ અમદાવાદ–૮(સોલા) ના તાલુકા સાબરમતીના ગામ મોજે ચાંદલોડીયાના સર્વે નંબર–૧૩૮/૧/૨ ની ૨૩૭૭ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર–૪૫ (ચાંદલોડીયા–ગોતા) માં ફાઈનલ પ્લોટ નંબર–૨૫/૨ ની ૧૪૦૩ ચોરસમીટર જમીન ફાળવાયેલી છે, તે સર્વે નંબરની તથા ફાઈનલ પ્લોટની બીનખેતી થયેલી જમીન. આ ફાઈનલ પ્લોટ નંબર–૨૫/૨ ની જમીનના ખુંટની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| પુર્વે | :– | ફાઈનલ પ્લોટ નંબર–૨૫/૩. |
| પશ્ચિમે | :– | ફાઈનલ પ્લોટ નંબર–૨૫/૧. |
| ઉત્તરે | :– | ૧૫ મીટરનો ટી. પી. રોડ. |
| દક્ષિણે | :– | ફાઈનલ પ્લોટ નંબર–૨૫/૪. |

## <u>પરિશિષ્ટ–૨</u>

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ–ડીસ્ટ્રીકટ અમદાવાદ–૮(સોલા) ના તાલુકા સાબરમતીના ગામ મોજે ચાંદલોડીયાના સર્વે નંબર–૧૩૮/૧/૨ ની ૨૩૭૭ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ

નંબર–૪૫ (ચાંદલોડીયા–ગોતા) માં ફાઈનલ પ્લોટ નંબર–૨૫/૨ ની ૧૪૦૩ ચોરસમીટર જમીન ફાળવાયેલી છે, તે સર્વે નંબરની તથા ફાઈનલ પ્લોટની બીનખેતી થયેલી જમીનમાં બંધાઈ રહેલી ''NIRMAN HEIGHTS" સ્કીમમા ....... બ્લોકમાં ............. ફલોરે બંધાનારા ફલેટ નંબર–.... ની આશરે ....... ચોરસમીટર (કારપેટ એરીયા) ના ક્ષેત્રફળની બાંધકામવાળી મિલ્કત. સદરહુ ફલેટની મિલ્કતનો કારપેટ એરીયા રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ મુજબૂ તથા તેને જોડાયેલી બીજીતરફવાળાના સ્વતંત્ર વપરાશી હકકોની વિગત નીચે મુજબ છે.

| મિલ્કત | કારપેટ એરીયા (ચોરસમીટરમા) (રેરા મુજબ) | બાલ્કની એરીયા (ચોરસમીટરમા) | સ્કીમની કુલ જમીન પૈકી વગર વહેંચાયેલી જમીન (ચોરસમીટરમા) |
|---|---|---|---|
| ફલેટ નં........ | | | |

**<u>આ ફલેટ નંબર–....... ની મિલ્કતના ખુંટ</u>**

પુર્વે :–
પશ્ચિમે :–
ઉત્તરે :–
દક્ષિણે :–

**<u>પરિશિષ્ટ–૩</u>**

**<u>કોમન એરીયા અને ફેસીલીટીસ</u>**

**<u>એનેક્ષચર–એ</u>**

**<u>રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ</u>**

**<u>એનેક્ષચર–બી</u>**

**<u>ફલોર પ્લાન</u>**

**<u>એનેક્ષચર–સી</u>**

**<u>ફીક્ષ્ચર્સ અને ફીટીંગ્સ</u>**

એ રીતેનુ ઉપર મુજબનુ આ બાનાખત આપણે બંને પક્ષકારોએ આપણી રાજીખુશીથી, વાંચી, સમજી, વિચારીને, અકકલ હોંશીયારીથી, તનમનના સાવધપણામા, કોઈના કોઈપણ જાતના દબાણ કે લાગવગ વગર, બીનકેફે, તંદુરસ્ત સ્થિતીમા, અમદાવાદ મુકામે કરેલુ છે, જે અમો એકતરફવાળા ભાગીદારી પેઢીના હાલના અને વખતો વખતના ભાગીદારો, વહીવટકર્તાઓ વિગેરે તથા

તમો બીજીતરફવાળાને તથા તમારા વંશવાલી, વારસો, વિગેરે તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

**આજ તારીખ ... માહે ............, સને ૨૦૧૯ ના રોજ શહેર અમદાવાદ મધ્યે**

**એકતરફવાળા –વેચાણ આપનાર**

——————————————————

("શ્રીમદ્ કન્સ્ટ્રકશન" એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના ભાગીદારોના વતી અને તરફથી તેમના કુલમુખત્યાર તરીકે શ્રી પ્રશાંત જયંતિલાલ શાહ)

**બીજીતરફવાળા–વેચાણ રાખનાર**

(૧)————————————————
(શ્રી................................)
(૨)————————————————
(શ્રી ...........................)

તેઓએ પોતપોતાની સહી–અંગુઠો નીચે સહી કરનારા
બે સાક્ષીઓની રૂબરૂમાં કરેલી–કરેલો છે.
(૧)——————————————————
(૨)——————————————————

| **એકતરફવાળા–વેચાણ આપનાર** | **ફોટોગ્રાફ** | **અંગુઠાની છાપ** |
| --- | --- | --- |
| ———————————————— | —————— | ——————————— |

("શ્રીમદ્ કન્સ્ટ્રકશન" એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના ભાગીદારોના વતી અને તરફથી તેમના કુલમુખત્યાર તરીકે શ્રી પ્રશાંત જયંતિલાલ શાહ)

| **બીજીતરફવાળા–વેચાણ રાખનાર** | **ફોટોગ્રાફ** | **અંગુઠાની છાપ** |
| --- | --- | --- |
| (૧)———————————————— | —————— | ———————— |
| (શ્રી................................) | | |
| (૨)———————————————— | —————— | ———————— |
| (શ્રીમતી ..........................) | | |